Commissioner of Schools Guj. State Gandhinagar

## બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૬ ના ૫ મા તબક્કાના ફાઇનલ મેરીટ લિસ્ટ અને વેઇટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન જિલ્લા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૧૧ના જાહેરનામા અને તેમાં થયેલા વખતોવખતના સુધારાની જોગવાઈઓ મુજબ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ–૨૦૧૬ના પાંચમા તબક્કા અન્વયે વેબસાઈટ પર તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ સિલેક્ટ લીસ્ટ (ફાઈનલ મેરીટ લીસ્ટ) અને વેઈટીંગ લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- ઉપલબ્ધ વિષયવાર, કેટેગરીવાર જગ્યાઓના પ્રમાણમાં સિલેક્ટ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટ તૈયાર થયેલ છે. આ સિલેક્ટ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટમાં દરેક ઉમેદવારની સામે તેમની પસંદગી કઈ કેટેગરીમાં થયેલ છે તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. તેમજ સિલેક્ટ લિસ્ટ અને વેઈટીંગ લીસ્ટના તમામ ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- સિલેક્ટ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- સિલેક્ટ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ બપોર ૧:૦૦ કલાકથી તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી વેબસાઈટ www.gserb.orpgujarat.com પર પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપી શકશે.
- સિલેક્ટ લીસ્ટ અને વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવારોનો જિલ્લા/શાળા ફાળવણી અન્વયે કોઈપણ પ્રકારનો હક્કદાવો રહેશે નહીં. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- ઓનલાઈન જિલ્લા પસંદગી આપવા માટે, .....
    - ઉમેદવાર વેબસાઈટ www.gserb.orpgujarat.com પર જઈ home page પર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે જિલ્લા પસંદગીનો વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
    - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ, ટાટ પરીક્ષાના ગુણ (ઉમેદવારે ઓનલાઈન અરજીમા જે ગુણ દર્શાવેલ હોય તે) નાખી લોગઈન થવાનું રહેશે.
    - લોગઈન થતાં સ્ક્રીન પર ઉમેદવારના વિષય અને કેટેગરી મુજબ ઉમેદવારના માટે ઉપલબ્ધ જિલ્લાઓના નામ ખૂલશે. દા.ત. ઉમેદવાર ગુજરાતી વિષયના હોય અને તેમને એલોટેડ કેટેગરી જનરલ હોય તો ગુજરાતી વિષયની જનરલ કેટેગરીની જગ્યાઓ જે જે જિલ્લામાં હોય તે જિલ્લાના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે.
    - બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વમાં હોઈ જે તે શાળાની મહિલા અનામતની જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારોની જ ફાળવણી કરવાની હોઈ પુરૂષ ઉમેદવારોને મહિલા અનામતની જગ્યાઓ દર્શાવવામાં આવશે નહીં.
    - ઉમેદવારને પોતાની સ્ક્રીન પર દેખાતા તમામ જિલ્લાઓને ક્લીક કરી પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
    - ઓનલાઈન જિલ્લા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ જિલ્લાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% જિલ્લા પસંદગી આપશો તો જ ઓનલાઈન જિલ્લા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઈન જિલ્લા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
    - ઉમેદવારો પોતાની જિલ્લા પસંદગીમાં જિલ્લા પસંદગી આપવાની છેલ્લી તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ રાત્રીના ૯:૫૯ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ રાત્રીના ૧૦:૦૦કલાકે આપે જે

જિલ્લા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદ્દનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન જિલ્લા ફાળવણી કરવામાં આવશે.

- ઉમેદવાર પ્રિન્ટનો ઓપશન સિલેક્ટ કરી પોતે આપેલ જિલ્લા પસંદગીની પ્રિન્ટ મેળવી શકશે.
- ફાઈનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવારો ઓનલાઈન જિલ્લા પસંદગી નો વિકલ્પ ન આપે તો તેના કારણે ખાલી રહેલ વિષયવાર/કેટેગરીવાર જગ્યા સામે અત્રેથી પ્રસિદ્ધ કરેલ વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉપલબ્ધ ઉમેદવારોને મેરીટ કમ પ્રેફરન્સના આધારે જિલ્લા ફાળવણી કરવામાં આવશે.
- જિલ્લા પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોને સોફ્ટવેર દ્વારા ઓટોમેટીક મેરીટ કમ પ્રેફરન્સ મુજબનો જિલ્લો ફાળવવામાં આવશે અને જિલ્લા ફાળવણીની વિગતો તા.૮/૧/૨૦૨૧ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.
- જિલ્લા ફાળવણી બાદ શાળા પસંદગીની કાર્યવાહી જિલ્લા કક્ષાએ કરવામાં આવશે. જે અંગેનો કાર્યક્રમ અને સૂચનાઓ તા.૮/૧/૨૦૨૧ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.